પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૫ | ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩, મંગળવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# તૂર્કીમાં વિનાશક ભૂકંપ : ૨૩૦૦ના મોત

## હજારથી વધારે ઘાયલ : તુર્કીમાં ૧૨ કલાકમાં ભૂકંપના બે જોરદાર આંચકા આવ્યા : ભૂકંપનું કેન્દ્ર એલ્બિસ્તાન, તુર્કી અને સીરિયામાં અગાઉ ૭.૮ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો તો ફરી ૭.૬નો ભૂકંપનો આંચકો આવતા ભારે જાનહાની

અંકારા, તા.૬

તૂર્કીમાં આજે ભુકંપના આંચકાઓ ઉપર આંચકાઓ આવી રહ્યા છે. તુર્કી અને સીરિયામાં આજે ૧૨ કલાકની અંતર બીજો જોરદાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભારતીય સમય મુજબ ૪.૦૦ વાગે ભૂકંપનો બીજો ઝટકો આવતા અફરાતફરી સર્જાઈ છે. બીજા ભૂકંપની તીવ્રતા રિએક્ટર સ્કેલ પર ૭.૬ આંકવામાં આવી છે. આ ભૂકંપનું કેન્દ્ર એલ્બિસ્તાન હોવાના અહેવાલો છે. તુર્કી અને સીરિયામાં અત્યાર સુધીમાં ૨૩૦૦થી વધુ





લોકોનો મોત થયા છે. તુર્કી અને સીરિયામાં અગાઉ ૭.૮ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો તો ફરી ૭.૬નો ભૂકંપનો આંચકો આવતા ભારે જાનહાની સર્જાઈ છે. ભૂકંપના કારણે હજારો લોકો ઈજાગ્રસ્ત થયા છે. તો ઘણા લોકો લાપતા હોવાનું સામે આવ્યું છે. હજુ પણ મૃત્યુઆંક વધવાની આશંકા સેવાઈ રહી છે. ભૂકંપના કારણે તૂર્કીમાં અનકે ઈમારતો ધરાશાઈ થયી છે. સતત બીજો ભૂકંપ આવવાના કારણે ત્યાંના લોકોમાં ડરનો માહોલ સર્જાયો છે. ભૂકંપના પગલે અહીં પુરજોશમાં રાહત કામગીરી શરૂ કરવામાં આવી છે.

આજે તૂર્કીમાં સવારે પણ ૭.૮નો જોરદાર ભૂકંપ આવ્યો હતો. નૂરદગીથી ૨૩ કિમી દુર આ આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૯ માપવામાં આવી છે. મળતા અહેવાલો અનુસાર ભૂકંપ દરમિયાન ૨૩૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ૧૦૦૦થી વધુ લોકો ઘવાયાની માહિતી મળી રહી છે. અહેવાલો પરથી ઈઝરાઈલ અને લેબનાનમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં ફરી એમસીડીની ચૂંટણી રદ

**દિલ્હી મેયરની ચૂંટણીમાં ફરી હંગામો : ભાજપે તેના કાઉન્સિલરોને આજે ફરીથી મેયરની ચૂંટણી ન થવા દેવાની સૂચના આપી હોવાનો આપનો આક્ષેપ**

નવી દિલ્હી, તા.૬

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ રહી છે. સતત બે વખત ચૂંટણી મોકૂફ કર્યા બાદ આ ત્રીજી વખત મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ હતી. પરંતુ આજે પણ દિલ્હીને મેયર અને ડેપ્યુટી મેયર મળશે નહિ. ફરી એકવખત એમસીડીચૂંટણી રદ થઈ છે. એમસીડીના તમામ સભ્યોએ શપથ પહેલેથી જ લઈ લીધા છે. સવારે ૧૧થી વાગ્યાથી શરુ થયેલ મેયરની ચૂંટણીમાં ફરી હંગામો જોવા મળી રહ્યો છે. આ પહેલા આમ આદમી પાર્ટીએ પ્રોટેમ સ્પીકરને પત્ર લખ્યો છે. જેમાં નોમિનેટેડ કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવામાં આવશે નહીં તેવું જણાવવામાં આવ્યું છે. ચૂંટણી શરુઆતની સાથે જ ૧૦ મિનીટ કાર્યવાહી સ્થગિત કરવમાં આવી હતી.

# અદાણી મુદ્દે વિપક્ષના હોબાળાથી સંસદ સ્થગિત

**અદાણીનો મામલો ફરીવાર સંસદમાં ગુંજ્યો : કોંગ્રેસ અધ્યક્ષના નેતૃત્વમાં આયોજિત વિપક્ષી દળોની બેઠકમાં પણ અદાણી મુદ્દે ચર્ચા કરાવવાની માગ કરાઈ**

નવી દિલ્હી, તા.૬

અદાણીનો મામલો ફરીવાર સંસદમાં ગૂંજ્યો છે. આ દરમિયાન બજેટ સત્ર શરૂ થતાં જ અદાણી મામલે વિપક્ષી દળોના તમામ નેતા સંસદ પરિસરમાં આવેલી ગાંધી પ્રતિમાની સામે એકજૂટ થયા હતા અને દેખાવ કર્યા હતા. ત્યારબાદ બજેટ સત્ર શરૂ થતા જ રાજ્યસભા અને લોકસભા બંને ગૃહોમાં વિપક્ષી એકજૂટ થઈને સરકારને ઘેરી હતી અને ભારે હોબાળો મચાવતા બંને ગૃહોને ૨ વાગ્યા સુધી સ્થગિત કરવાની જાહેરાત કરાઈ હતી.

અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગેના નેતૃત્વમાં આયોજિત વિપક્ષી દળોની બેઠકમાં પણ અદાણી મુદ્દે ચર્ચા કરાવવાની માગ સંબંધિત નિર્ણય લેવાયો હતો. બધા પક્ષો ઈચ્છે છે કે સંસદમાં અદાણીનો જ મુદ્દો ઊઠાવવામાં આવે. તેઓ આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ ઈચ્છે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મમતા બેનરજીની ટીએમસીએ આ બેઠકથી કિનારો કરી લીધો હતો. દરમિયાન શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે દેશને ડૂબાડવાનો મામલો જે સામે આવ્યો છે તેને લઈને તમામ વિપક્ષી દળો ચર્ચા કરવા તૈયાર છે. મને લાગે છે કે જ્યાં સુધી સરકાર જવાબ નહીં આપે ત્યાં સુધી જેપીસી સંબંધિત માગ ચાલુ રખાશે. તે પહેલા અદાણી ગ્રૂપ અંગેના હિન્ડેનબર્ગ રિપોર્ટ પર ચર્ચા માટે બીઆરએસ સાંસદ નાગેશ્વર રાવે સ્થગન પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

## સીજેઆઈ ચંદ્રચૂડે ૫ નવા જજને શપથ લેવડાવ્યા

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે જસ્ટિસ પંકજ મિત્તલ, જસ્ટિસ સંજય કરોલ, જસ્ટિસ સંજય કુમાર, જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ મનોજ મિશ્રાને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા છે. આ ૫ નવા જજની નિમણૂંકની સાથે સુપ્રીમ કોર્ટના જજની સંખ્યા ૩૨ થઈ ગઈ છે.

## સંગીતકાર રિકી કેજેએ તેનો ત્રીજો ગ્રેમી એવોર્ડ જીત્યો

નવી દિલ્હી, તા.૬

વર્ષ ૨૦૨૩ના બહુપ્રતિક્ષિત મ્યુઝિક એવોર્ડ કાર્યક્મ ગ્રેમી એવોર્ડ્સમાં ફરી એક વખત ભારતનો પરચમ લહેરાયો છે. બેંગલુરુ નિવાસી સંગીતકાર રિકી કેજે તેનો ત્રીજો ગ્રેમી એવોર્ડ જીત્યો છે. રિકીને તેના આલ્બમ 'ડિવાઈન ટાઈડ્સ' માટે આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે.

તેમણે પોતાનો એવોર્ડ બ્રિટિશ રોક બેન્ડ ધ પોલીસના ડ્રમર સ્ટુઅર્ટ કોપલેન્ડ સાથે શેર કર્યો છે. સ્ટુઅર્ટ કોપલેન્ડે આ આલ્બમમાં રિકી સાથે સહયોગ કર્યો હતો. ૬૫મા ગ્રેમી એવોર્ડ્સમાં બંનેએ શ્રેષ્ઠ ઈમર્સિવ ઓડિયો આલ્બમ શ્રેણીમાં ગ્રામોફોન ટ્રોફી જીતી છે

# નાસાએ ઈસરોને NISAR સેટેલાઈટ અંતે સોંપી દીધું

**ઈસરોના પ્રમુખ જેટ પ્રોપેલ્શન લેબોરેટરી પહોંચ્યા : આ એનઆઈએસએઆર સેટેલાઈટ એવો છે જે જોશીમઠ જેવી ઘટના બને તે પહેલાથી જ એલર્ટ મોકલશે**

નવી દિલ્હી, તા.૬

અમેરિકી અંતરિક્ષ એજન્સી



નાસાએ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ને એનઆઈએસએઆર સેટેલાઈટ સોંપી દીધું છે. તેને રિસીવ કરવા માટે ઈસરોના પ્રમુખ ડૉ. એસ.સોમનાથ ખુદ જેટ પ્રોપેલ્શન લેબોરેટરી પહોંચ્યા હતા. હવે આ સેટેલાઈટને ભારત લવાશે.

આ સેટેલાઈટ એવો છે જે જોશીમઠ જેવી ઘટનાઓ બને તે પહેલાથી જ એલર્ટ મોકલી આપશે. આ સેટેલાઈટને તૈયાર કરવા પાછળ આશરે ૧૦ હજાર કરોડનો ખર્ચ કર્યો છે. તેને જીએસએલવી-એમકેર રોકેટથી લોન્ચ કરાશે. એનઆઈએસએઆરસેટેલાઈટથી આખી દુનિયાને મોટો ફાયદો થવાનો છે. તે દુનિયાને કુદરતી આપત્તિઓથી બચાવવામાં મદદ કરશે. આ દુનિયાનું સૌથી મોંઘુ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ડેક્સ ઈમર્જિંગ માર્કેટ ઈન્ડેક્સમાં ભારત ત્રીજા સ્થાને ધકેલાઈ ગયું

નવી દિલ્હી, તા.૬

અદાણી ગ્રૂપની કંપનીઓ અંગે ચાલતા વિવાદના કારણે માત્ર અદાણી જૂથનેનુકસાન થયું છે એવું નથી. આ પ્રકરણથી ભારતની શાખને પણ હાનિ પહોંચી છે. તેના કારણે વિશ્વના ઉભરતા બજારોના ઈન્ડેક્સ ઈમર્જિંગ માર્કેટ ઈન્ડેક્સમાં પણ ભારત ત્રીજા સ્થાને ધકેલાઈ ગયું છે અને ભારતની જગ્યાએ તાઈવાન આગળ આવી ગયું છે. એમએસસીઆઈમાં તાઈવાનનું વેઈટેજ વધીને ૧૪.૨ ટકા થઈ ગયું છે. જ્યારે ભારત ૧૩ ટકાનું વેઈટેજ ધરાવે છે. આ ઈન્ડેક્સમાં ચીન ૩૧.૨ ટકાના વેઈટેજ સાથે પહેલા સ્થાન પર છે.

૨૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ દ્વારા અદાણી જૂથની કંપનીઓ વિશે નેગેટિવ રિપોર્ટ આવ્યો ત્યાર પછી અદાણી જૂથની વેલ્યૂમાં ૬૦ ટકા આસપાસ ઘટાડો

● અનુસંધાન પાન-૭ પર






# પીડબલ્યુસી ભારતમાં પાંચ વર્ષમાં ૩૦ હજાર નવી નોકરી ઊભી કરશે

**વિશ્વભરમાં છટણીના દોરમાં ભારતમાં રાહતના સમાચાર**

નવી દિલ્હી, તા.૬

હાલ વિશ્વમાં મોટી મોટી ટેક જાયન્ટ કંપનીઓ કર્મચારીની છટણી કરી રહી છે. આખું વિશ્વ એક આર્થિક સંકટની સ્થિતિનો સામનો કરી રહ્યું છે. એવામાં ભારત માટે એક સારા સમાચાર મળી રહ્યા છે. પીડબલ્યુસી ઈન્ડિયાઅને પીડબલ્યુસી યુએસમળીને ભારતમાં નવા વૈશ્વિક કેન્દ્રો સ્થપવા અને સંયુક્ત સાહસ સ્થાપવા જઈ રહ્યું છે. પીડબલ્યુસીએ કરેલી જાહેરાત અનુસાર, તેમણેએ રીતનો પ્લાન તૈયાર કર્યો છે જેમાં આવનારા પાંચ વર્ષ ભારતમાં ૩૦,૦૦૦ નવી નોકરીઓ સ્થાપવામાં આવશે. જેના દ્વારા ભારતમાં ૨૦૨૮ સુધીમાં ૮૦,૦૦૦ કર્મચારીઓને નોકરી મળી શકશે.

જે આવનારા સમયમાં વૃદ્ધિને વેગ આપવા અને સેવાની ગુણવત્તા સુધારવામાં ખુબ મદદ કરી શકે છે. કંપની હાલમાં તેની ભારતીય પ્રેક્ટિસ અને વૈશ્વિક

● અનુસંધાન પાન-૭ પર


## પાવન સ્મરણ



**જશુભા પીરૂભા રાણા**
મહાપ્રયાણ - ૭ ફેબ્રુઆરી ૨૦૨૨

આપનું સેવામય જીવન, અડગ મનોબળ,
પરિવાર ભાવના, કાર્ય કુશળતા,
આત્મબળ અને સહાનુભૂતિથી ધબકતું
આપનું વ્યક્તિત્વ સદા અમારા હૃદયમાં જીવંત રહેશે.

પ્રથમ પુણ્યતિથિએ
શત્ શત્ વંદન...

રાણા મનમિતસિંહ યુવરાજસિંહ
રાણા વિદ્યમાનસિંહ વનરાજસિંહ
રાણા માન્યવરસિંહ વિરાજસિંહ
રાણા યુવરાજસિંહ જશુભા
રાણા વનરાજસિંહ જશુભા
રાણા વિરાજસિંહ જશુભા

તથા સમસ્ત 'જશુભા' પરિવાર

નોંધ : પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રાત્રે ૮-૩૦ કલાકે પદ્મશ્રી હેમંત ચૌહાણની ભજન સંધ્યા...